# ગઝલ

## ચેતન જે. શુક્લ 'ચેનમ'

### .1.

આંગણે તુલસી નથી, તોરણ નથી એ બારણે,
સુખનાં બે ચાર પણ કારણ નથી એ બારણે.

એક ખીલ્લી વાગતા ટહુકા ખરે છે પંખીના,
કોણ કહે છે ઝાડનાં વળગણ નથી એ બારણે!

સાવ પથ્થરના ઘરે, કંઈક પથ્થર જીવતા,
કાચ જેવી ચકચકીત, સમજણ નથી એ બારણે.

એ જતી ને આવતી કાયમ નજર છલકાવતી,
એ ભરીને રાખવા વાસણ નથી એ બારણે.

રેતના આવે સમંદર કેટલીય યાદ લઈ,
આજ એવી યાદનાં રજકણ નથી એ બારણે.

### .2.

મેં નીતારી આંખ તો અશ્રુ વહી ગયાં,
ચીત્ર સપનાંના ખુણે એમ જ રહી ગયાં.

મ્હેંક આખા બાગની આ કોણ લઈ ગયા,
કેમ હીંસક ફુલથી કાંટા ડરી ગયા?

એક ખાલીપાની જાહેરાત થઈ પછી,
જાણભેદુ જે હતા લોકો ધસી ગયા.

માનહાની આંગળીની છે કહી ગયા,
કોણ છે ગુલમ્હોરને તીલક કરી ગયા?

ભીડના નકશા તળે ભયભીત થઈ ગયા,
સાવ ઉજ્જડ છે સડક તો પણ ખસી ગયા!

## .3.

બાની દોલત સાદડી, ને એમાં જાણે હું,
એની બાધા–આખડી, ને એમાં જાણે હું.

ઝંખનાની આંખડી, ને એમાં જાણે હું,
જળ તરસતી નાવડી, ને એમાં જાણે હું.

છાંયડો તડકો કરે, જ્યાં બારણે દસ્તક;
સાત ભવની ચામડી, ને એમાં જાણે હું.

રોજ ખોલી છીંકણીની જેમ સુંઘે એ,
લાગણીની દાબડી, ને એમાં જાણે હું.

રંગસુત્રો જેમ એનો વારસો મળશે,
છે ઘરેણું લાકડી, ને એમાં જાણે હું.

## .4.

પીંછીના સ્પર્શ જેવી શીષ્ટ આદત છે,
જુની એ યાદની એવી કરામત છે.

લીલાંછમ પર્ણ પણ ત્યાં તરફડે કેવાં!
તપાસ્યું, તો કમોસમ તાપની લત છે.

હવે જ્યાં ખોતરું, મળશે ઉઝરડાઓ,
બધી ભીંતે લખેલા લેખ આફત છે.

ઉદાસીની તરસ કેવી ભયાનક થઈ,
ખુશીનાં માવઠાંથી તો મરમ્મત છે.

રઝળવાનો હશે જો અર્થ સાચો તો,
મળું રસ્તે મને હું, તોય કીસ્મત છે.

મળ્યો ડુમો તને 'ચેનમ' અરીસામાં,
કશે તસ્વીર પણ મળશે; કવાયત છે.

## .5.

સ્થીર છું દર્પણમાં હું, નકશાની જેમ જ કેદ છું;
ધ્યાનથી ક્યારેક એને વાંચ, આખો વેદ છું.

આ સફરના કાફલામાં, કોણ તું ને કોણ હું;
હું જ જીવન, મોત પણ હું, તોય શેનો ખેદ છું?

રક્તના દરબારમાં પણ મુલ્ય મારું આંકજો,
ચામડીનાં છીદ્રથી ઝરતો રહ્યો પ્રસ્વેદ છું.

હાથની મહેંદી પછી જે આંખથી ટપકી હતી,
એ અધુરી વાતનો અકબંધ જાણે ભેદ છું.

હું જટીલ ફરીયાદ છું માણસ વીશે તો પણ ભલે,
હસ્તરેખીત કાફલામાં હું અગોચર છેદ છું.

## .6.

જ્યાં જમા થઉં ત્યાં ઉધારી થઈ પછી સ્વીકાર છું,
સાવ સાચું કહું તને હું, આજ પણ નાદાર છું.

બ્રહ્મ છું બ્રહ્માંડમાં, તો કાળનો સત્કાર છું;
આ જગતના ચાલવામાં હુંય પણ આધાર છું.

ના હવે સરહદ બતાવો, હું બધાથી પાર છું;
હું ધજાનો સાર થઈને પણ, ગજાથી બહાર છું.

યુદ્ધની એ રાખમાં ઉભો, હવે ટંકાર છું;
ઘાવના હોવાપણાનો તીક્ષ્ણતમ શણગાર છું.

આમ દર્પણ જેમ રાખું મૌન એ હથીયાર છું,
કાચ જેવા શ્વાસમાં સંઘરેલ હાહાકાર છું.

## .7.

હવે એકાદ તારી યાદ જીર્ણોદ્ધાર માનું છું,
નહીંતર ખાલીપાને બસ, જીવનનો સાર માનું છું

ભલે ક્યારેક, પણ હું શાનથી ઉજવી શકું તેથી,
જીવનભર હું તને અંગત હવે તહેવાર માનું છું.

ભલે બેઠાં એ પંખી ચાંચ ઘસતાં, ગીત ગાતાં ત્યાં,
ફુલો ના હોય તો ડાળીનો એ શણગાર માનું છું.

તરસની જે નદી કોરી વહે છે બેઉ કાંઠે ત્યાં,
તું પાણીની જ હોડી લાવજે પડકાર માનુ છું.

અભાવો ખીલવા દીધા તમે ગુલમ્હોરની માફક,
પછી ત્યાં પાનખરનું આગમન ચકચાર માનું છું.

જરા જેવી ઉથલપાથલ વડે થથરી ગયો 'તો હું,
ભીતર સંતાડી રાખ્યાં નામનો વ્યવહાર માનું છું.

## .8.

અમે શ્વાસને ક્યાંક ખર્ચીને સુતા,
જુનાં સ્વપ્ન આજે ઉલેચીને સુતા.

થયા સ્હેજ ઝાંખા, તો આંખો ન લુછી;
પછી એ જ દૃશ્યોને મીંચીને સુતા.

નગરની સુલેહને જરા છીંક આવી,
બધા ગામ સન્નાટા વહેંચીને સુતા.

અણીદાર પ્રશ્નોથી ભરચક છે ભાથું,
અમે ભીષ્મને ખુદમાં ચર્ચીને સુતા.

ચલો, પંચતત્ત્વો કશું કંઈ ન બાકી,
શીખા લગ અમે સોડ ખેંચીને સુતા.

## .9.

કેડી જેવી આદત એવા, રસ્તાઓથી આગળ જા તું,
ઘરથી નીકળી ઘરને મળવા, ઘટનાઓથી આગળ જા તું.

ડગલે–પગલે માપી લઉં છું, અજવાળાના સરવાળાઓ,
અંધારાનાં ધુમ્મસ પીવા, તડકાઓથી આગળ જા તું.

'હાંફી જઈને તરસે મરશે' એ કીસ્સાઓ તરફડતા જ્યાં,
રણના જળને આંબી લેવા, હરણાંઓથી આગળ જા તું.

મંજીલ સીધીસાદી, એના રસ્તા આડાઅવળા મળતા;
નીસ્બત મંજીલ સાથે જોવા, નકશાઓથી આગળ જા તું.

મૃત્યુ નામે પહેરણનાં છીદ્રોને ઢાંકી કરવું છે શું?
કાચા સુતર જેવું જીવવા, ચરખાઓથી આગળ જા તું.

## .10.

તું નવેસરથી કહે પણ, એ જ જુની શક્યતાની વાત છે,
આંખના ભીના અરીસા, શુન્યતા છલકાવતાની વાત છે.

પર્ણ, ફુલો, મહેંક તો શણગાર છે, તો પણ અધુરો લાગતો,
ડાળખી ઝાકળ વડે સેંથો પુરે, એ ભવ્યતાની વાત છે.

જે કીરણ પહોંચ્યું નથી ધરતી ઉપર, એ કોઈ વાદળમાં હશે;
આભ એને સેવશે વરસાદ નામે, માન્યતાની વાત છે.

ગીચ શ્વાસોના નગરમાં સહેજ અમથી જીન્દગી જીવી જવા,
ફક્ત તારી આંખ માફક આવશે, એ કાવ્યતાની વાત છે.

એ સવારે ઓશીકામાં ઉંઘતાં સપનાં પછી જાગ્યાં નહીં,
સ્હેજ અમથું સુર્યને મોડું થયું, એ વારતાની વાત છે.

## .11.

અટુલા એક વાદળનું નર્યા કોરા, નગર પર કૈંક લખવું કેવું લાગે?
તરસના સેંકડો દર્પણ અવાચક છે, ભીના બીંબોને અડવું, કેવું લાગે?

નથી વાદળ, નથી છત્રી, નથી ત્યાં ભેજ જેવી લાગણીના સ્તબ્ધ પડઘા;
થયો છે બંધ આ વરસાદ, નળીયાનું હજી ઘરમાં ટપકવું, કેવું લાગે?

કશે ઉંચે કદીપણ કોઈ માપી ના શકે, થોડી ક્ષણોમાં એ સફળતા,
કે નકશાના સહારે ત્યાં જ પહોંચીને, તરત પાછું ગબડવું, કેવું લાગે?

તરફદારી કરું કોની? દીશાઓ સૌ મને બોલાવતી એની તરફ પણ;
બધી લાગે અજાણી એટલી કે ત્યાં જ ઉભો રહી રઝળવું, કેવું લાગે?

નગરના છેક છેવાડે, બીડેલાં દ્વારની અંદર પ્રતીક્ષા કેદ રાખે;
વીરહની રાતનું ફાનસ બની કાયમ એ શેરીમાં સળગવું, કેવું લાગે?

ગતી પણ બેઉ કાંઠે ના કદી સરખી મળે, એવી નદીના વ્હેણમાં પણ;
ખલાસી હું જ છું એવી ખબર મોડી મળે, તેથી છટકવું, કેવું લાગે?

**ચેતન જે. શુક્લ ‘ચેનમ’**


સર્જકસમ્પર્ક:

ચેતન જે. શુક્લ ‘ચેનમ’,

1, સાઈનીકેતન રો-હાઉસીસ-૪, અમીપાર્ક પાસે, વીભુષા બંગલો રોડ

ઘુમા, અમદાવાદ-380058

eMail : chenamshukla@gmail.com

Mobile : 9824043311


@@@


‘સન્ડે ઈ.મહેફીલ’ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર ( gaurang_charu@yahoo.com) નો ખુબ ખુબ આભાર..

– ઉત્તમ ગજ્જર


@

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ : તેરમું – અંક : 379 – 23 July, 2017

‘ઉંઝાજોડણી’માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,38,95,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 80,47,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 9,40,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 6,51,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@